વાયરલ વીડિયો | જેસીબી અને ટ્રેક્ટરો દ્વારા નદીના પટમાં ખુલ્લેઆમ ખોદકામ

# કપડવંજની વરાશી નદીમાં ભૂમાફિયા દ્વારા બેફામ માટી ખનનથી ઉગ્ર રોષ

**પર્યાવરણ અને** જળસંચય સામે ખતરો હોવા છતાં તંત્ર મૌન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૩

કપડવંજ તાલુકાની વરાશી નદીમાં લાંબા સમયથી ચાલી રહેલા કથિત ગેરકાયદે માટી ખનનનો મામલો હવે ગરમાયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ચોંકાવનારા દૃશ્યોમાં જેસીબી મશીનો દ્વારા નદીના પટમાં બેરોકટોક ખોદકામ અને ટ્રેક્ટરો દ્વારા માટીની હેરાફેરી થતી સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ વીડિયો સામે આવ્યા બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ખનન માફિયાઓ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, વરાશી નદીમાંથી સતત માટી ઉપાડવામાં આવતી હોવાથી નદીના કુદરતી પ્રવાહ અને જળસંચયની ક્ષમતા પર ગંભીર પ્રતિકૂળ અસરો પડી રહી છે, જે ભવિષ્યમાં પર્યાવરણીય સંકટ નોતરી શકે છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે સંબંધિત વિભાગોની નિષ્ક્રિયતાને કારણે ખનન કરનારા તત્વો વધુ હિંમતવાન બન્યા છે.

ખેડા જિલ્લા ખાણ અને ખનીજ વિભાગ આ મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. બીજી તરફ, રેતી ખનન મુદ્દે કપડવંજના મામલતદાર સંગીતાબેને જણાવ્યું હતું કે, "આવો કોઈ કિસ્સો હાલ અમારા ધ્યાનમાં આવ્યો નથી, પરંતુ જો આવી કોઈ પ્રવૃત્તિ જણાશે તો તેની ચોક્કસ તપાસ કરાવીશું. હાલ તો આ વાયરલ વીડિયોએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાડી છે અને તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે.

ખેડા કલેક્ટરનો ખનીજ માફિયાઓ પર 'કોરડો' | સાદી રેતીનું બિનઅધિકૃત ખનન ઝડપાયું

# ઠાસરામાં મહીસાગર નદીના પટમાં દરોડો, ૭૦ લાખનું એસ્કેવેટર સીઝ

**ખાણ-ખનીજ** વિભાગની ઓચિંતી રેઈડથી ફફડાટ: તસ્કરો સામે કાર્યવાહી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ખેડા જિલ્લામાં ખનીજ ચોરીની પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના સીધા માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ વિભાગે ઠાસરા તાલુકાના વમાલી ગામે મહી નદીના કોતર વિસ્તારમાં સર્જિકલ સ્ટ્રાઈક જેવી કાર્યવાહી કરીને ગેરકાયદેસર રેતી ખનન ઝડપી પાડ્યું છે. આ ઓચિંતી તપાસમાં અંદાજિત 70 લાખની કિંમતનું એક એસ્કેવેટર મશીન જપ્ત કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખનીજ વિભાગને વમાલી વિસ્તારમાં ગેરકાયદે ખનન થતું હોવાની ફરિયાદ તા. 22/07/2026ના રોજ મળી હતી. જેના અનુસંધાને તપાસ ટીમ દ્વારા તાત્કાલિક વમાલી ગામના મહી નદીના કોતર વિસ્તારમાં ઓચિંતી રેઈડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સ્થળ પર કોઈ પણ અધિકૃત મંજૂરી વિના સાદી રેતી ખનીજનું ખોદકામ કરવામાં આવતું હોવાનું માલૂમ પડ્યું હતું.

ખનીજ વિભાગની ટીમે ખનન પ્રવૃત્તિમાં સંડોવાયેલ 70 લાખની કિંમતનું એક એસ્કેવેટર મશીન સ્થળ પરથી સીઝ કર્યું છે. આ મામલે સંબંધિત ખનીજ તસ્કરો વિરુદ્ધ 'ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ' તેમજ 'ગુજરાત ખનીજ નિયમો' હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગે જિલ્લા વહીવટી તંત્ર અને ખાણ-ખનીજ વિભાગ દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે બિનઅધિકૃત ખનન અને ખનીજ પરિવહન સામે આવી કડક કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે. કાયદાનો ભંગ કરનાર કોઈપણ શખ્સને બક્ષવામાં આવશે નહીં તેવી કડક ચેતવણી ખનીજ માફિયાઓને આપવામાં આવી છે.

# મોગર : ડિગ્રી વગર નિદાન કરતો પરપ્રાંતિય પકડાયો

**પશ્ચિમ બંગાળનો** શખ્સ 'શ્રીરામ ક્લિનિક' ના નામે પાંચ વર્ષથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદ તાલુકાના મોગર ગામે કોઈપણ માન્ય ડિગ્રી કે સર્ટિફિકેટ વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરતા એક બોગસ ડોક્ટરને આણંદ એસઓજી અને આરોગ્ય વિભાગની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઝડપી પાડ્યો છે.

વડોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. રાજદીપ નિનામા તથા આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે ચોક્કસ બાતમીના આધારે મોગર ગામના મહાદેવ ફળિયામાં આવેલા 'શ્રીરામ ક્લિનિક' પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ક્લિનિક ચલાવતો રામપ્રસાદ પ્રફુલ્લા બિશ્વાસ (મૂળ રહે. પશ્ચિમ બંગાળ, હાલ રહે. મોગર) પાસે ડોક્ટર હોવાની કોઈ માન્ય ડિગ્રી કે સર્ટિફિકેટ મળી આવ્યું ન હતું. તે છેલ્લા પાંચેક વર્ષથી ભાડાની દુકાનમાં ગેરકાયદેસર ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો હતો.

પોલીસે ક્લિનિકમાંથી એન્ટિબાયોટિક્સ, ઈન્જેક્શન્સ, સીરપ તથા સીરિન્જ સહિત કુલ ૯,૪૭૬ ની કિંમતનો એલોપેથિક દવાઓનો જથ્થો સીલ કરીને જપ્ત કર્યો છે. વાસદ પોલીસે આરોપી વિરૂદ્ધ 'ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદમાં બિહારથી ભાગી આવેલા ત્રણ બાળકોને સુરક્ષિત આશ્રય આપ્યો

**અમદાવાદ રહેતા** કાકા પાસે જવા નીકળેલા બાળકો નડિયાદ રેલવે સ્ટેશનથી મળી આવ્યા



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ભારત સરકાર પુરસ્કૃત 'મિશન વાત્સલ્ય' કાર્યક્રમ હેઠળ બાળકોના શ્રેષ્ઠ હિત માટે કાર્યરત ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ ખેડા દ્વારા પરપ્રાંતિય સગીર બાળકોને સુરક્ષિત આશ્રય અપાવવાની પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. બિહાર રાજ્યના મુઝફ્ફરપુર જિલ્લાની એક મદ્રેસામાંથી કોઈને પણ જાણ કર્યા વગર ભાગી નીકળેલા ત્રણ સગીર બાળકો નડિયાદ રેલવે સ્ટેશન પરથી મળી આવ્યા હતા.

બાળકો પ્રાથમિક માહિતી અનુસાર, આ ત્રણેય બાળકો બિહારની મદ્રેસામાં અભ્યાસ કરતા હતા અને અમદાવાદ ખાતે રહેતા તેમના કાકા પાસે જવા માટે કોઈને પણ કહ્યા વગર નીકળી ગયા હતા. મુસાફરી દરમિયાન તેઓ નડિયાદ રેલવે સ્ટેશન ખાતે મળી આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું.

આ કિસ્સામાં જિલ્લા બાળ કલ્યાણ સમિતિ ખેડાના માર્ગદર્શન હેઠળ ચાઈલ્ડ હેલ્પ લાઈન, આરપીએફ, જીઆરપી, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સિવિલ હોસ્પિટલ નડિયાદ દ્વારા સુંદર સંકલન સાધવામાં આવ્યું હતું. બાળકોના મળી આવ્યા બાદ સૌ પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે તેમનું મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું.

હાલમાં આ ત્રણેય બાળકોને સુરક્ષિત આશ્રય મળી રહે તે હેતુથી નડિયાદ સ્થિત હિન્દુ અનાથ આશ્રમમાં રાખવામાં આવ્યા છે. ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા બાળકોના પરિવારનો સંપર્ક સાધવામાં આવ્યો છે અને તેઓને વાલીઓને સોંપવા માટેની જરૂરી કાયદેસરની કાર્યવાહી હાલ ચાલી રહી છે. ખેડા રેલવે સ્ટેશન પર અગાઉ પણ ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા બાળકોનું રેસક્યુ કરાયું હતું.

# બાલાસિનોરમાં ઘરફોડીયા ૪૮ હજારની મતા ચોરી ગયાં

**નિલમ સોસાયટીમાં** પરિવાર મહારાષ્ટ્ર પ્રવાસે ગયોને તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૩

બાલાસિનોરના રાજપુર રોડ પર આવેલી નિલમ સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી ૪૮ હજારની રોકડ તથા ચાંદીના દાગીનાની ચોરી કરી ગયાં હતાં. આ મામલે મકાન માલિકે બાલાસિનોર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટનાની વિગત મુજબ, ફરિયાદી અસ્પાકભાઇ ઉસ્માનગની શેખના માતા-પિતા ગત ૦૯મી જુલાઇ થી ૧૨મી જુલાઇ દરમિયાન મહારાષ્ટ્રના પ્રવાસે ગયા હતા. આ સમયગાળા દરમિયાન મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ ઘરનો વંડો કૂદી અને દરવાજાનો નકોચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ બેડરૂમમાં રાખેલા એલ્યુમિનિયમના ડબ્બા તેમજ હોલની લોખંડની તિજોરીના લોક તોડી તેમાંથી કુલ ૨૭ હજારની રોકડ અને ૨૧ હજારની કિંમતના ચાંદીના દાગીના (છડા, વીંટી, પોચી) મળી કુલ ૪૮ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ ચોરીનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ઘરની દેખભાળ રાખતા ફરિયાદીના મૂકબધિર બહેને મકાનનો નકોચો તૂટેલો જોયો અને આસપાસના લોકોને ઈશારાથી જાણ કરી હતી. હાલમાં પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા દોડધામ શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ તાલુકા મંડપ એન્ડ ઈલેક્ટ્રિક એસોસિએશનની કારોબારી બેઠક યોજાઈ



**કપડવંજ |** કપડવંજ તાલુકાના સોરણા પાટીયા ખાતે આવેલ મહારાજા મંડપ ડેકોરેશનમાં મંડપ એન્ડ ઈલેક્ટ્રિક એસોસિએશનની કારોબારી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત મંડપ એસોસિએશનના ટ્રસ્ટી ભીખાભાઈ જયસ્વાલ અને કપડવંજ તાલુકા પ્રમુખ મહેશભાઈ ઝાલાની ઉપસ્થિતિમાં દીપ પ્રગટ્ય સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં એસોસિએશનના વિકાસ, સંગઠનની મજબૂતી અને આગામી આયોજન અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી. મીટિંગના અંતે તમામ ઉપસ્થિત સભ્યો માટે ભોજન સમારંભનું પણ સુંદર આયોજન કરાયું હતું.

### કપડવંજના સ્વપ્નિલ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ન્યુઝીલેન્ડમાં પીએમનું ભવ્ય સ્વાગત કરાયું



**કપડવંજ |** ન્યુઝીલેન્ડના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઓકલેન્ડ ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું, જેમાં કપડવંજના ગૌરવ સમાન સ્વપ્નિલ કમલેશ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઓકલેન્ડના સ્પાર્ક અરેના સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન સ્વપ્નિલ શાહે વડાપ્રધાન સાથે મુલાકાત કરી તેમને કપડવંજ વિશે માહિતગાર કર્યા હતા. પીએમ મોદીએ કપડવંજ વિશે જાણીને અત્યંત આનંદ વ્યક્ત કર્યો હતો અને ભારતીય સમુદાયને સંબોધતા ભારતને વૈશ્વિક વિકાસ માટેનું લોન્ચ પેડ ગણાવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની કોમર્સ કોલેજમાં બી.કોમ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન યોજાયું



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં સેલ્ફ ફાઇનાન્સ બી.કોમ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને કોલેજના અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ અને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય પ્રો. એ.બી. પંડા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને કોલેજની વિવિધ સમિતિઓ અને શૈક્ષણિક માળખાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. દિવ્યાબેન અને પ્રો. પ્રાંજલ વણજાણીએ કર્યું હતું, જ્યારે વિભાગના વડા પ્રો. શિવાની પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### આણંદના ચિત્રકાર અશોક ખાંટનું 'નેશનલ આઈકોન એવોર્ડ'થી સન્માન થશે



**આણંદ |** દિલ્હી ખાતે આગામી 3 ઓગસ્ટના રોજ 'આરોગ્ય દર્પણ' સંસ્થા દ્વારા આયોજિત સમારોહમાં ચિત્રકલા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ અશોક ખાંટને રાષ્ટ્રીય સન્માન અપાશે. પાંચ દાયકાથી આણંદને કર્મભૂમિ બનાવી ચિત્રસાધના કરતા આ કલાકારને અગાઉ ગુજરાત સરકાર દ્વારા ગૌરવ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાની આઈ.સી.મી. સંસ્થાએ વિશ્વના શ્રેષ્ઠ 63 વાસ્તવિક ચિત્રકારોની યાદીમાં પણ તેમની પસંદગી કરેલી છે. દેશ-વિદેશમાં 50થી વધુ પ્રદર્શનો યોજનાર અશોક ખાંટ હાલમાં વલ્લભ વિદ્યાનગર ખાતે કાર્યરત રહી કલા જગતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

### ઓડ કોલેજની એનસીસી કેડેટ્સે ઉત્તરાખંડમાં પર્વતારોહણની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી



**આણંદ |** ઓડની ડીએમ પટેલ આર્ટસ અને એસએસ પટેલ કોમર્સ કોલેજની એનસીસી કેડેટ પટેલ આરતી અને રાજ શિલ્પાએ પર્વતારોહણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે. ૩૮ બટાલિયન, વલ્લભ વિદ્યાનગર દ્વારા પસંદગી પામેલ આ કેડેટ્સે ઉત્તરકાશીની 'નહેરુ ઈન્સ્ટિટયૂટ ઓફ માઉન્ટેનીયરિન્ગ' ખાતે વિશેષ તાલીમ લીધી હતી. આ પર્વતારોહણ કોર્સને બંને કેડેટ્સે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ ગૌરવશાળી સફળતા બદલ ઓડ કોલેજ પરિવાર અને એજ્યુકેશન સોસાયટીએ બંને કેડેટ્સને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બેંકિંગમાં હિંદી-ગુજરાતીના પ્રસાર માટે રાજભાષા કાર્યશાળા યોજાઈ




**આણંદ |** બેન્ક ઓફ ઇન્ડિયા વડોદરા ઝોનલ ઓફિસ દ્વારા ઝોનલ મેનેજર વિવેક તિવારીની અધ્યક્ષતામાં સ્ટાફ માટે એક દિવસીય રાજભાષા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા બેંકિંગ કામકાજ અને ગ્રાહકો સાથેની વાતચીતમાં અંગ્રેજીનો બિનજરૂરી ઉપયોગ ટાળી હિંદી તથા સ્થાનિક ગુજરાતી ભાષાનો મહત્તમ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન રાજભાષા મેનેજર કિશોર સોનારે કર્યું હતું.

### ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે નડિયાદ રેડ ક્રોસની મુલાકાત લીધી




**નડિયાદ |** ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે નડિયાદ રેડ ક્રોસ સોસાયટીની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું અને સંસ્થાને સેવાનો પર્યાય ગણાવી હતી. આ પ્રસંગે પાયલબેન શાહે પોતાનું મકાન સેવાકીય હેતુ માટે રાહત દરે સંસ્થાને આપતા કલેક્ટરે તેમને અભિનંદન પાઠવી નાગરિકોને સેવામાં જોડાવા આહ્વાન કર્યું હતું. કલેક્ટરના હસ્તે તાલુકા બ્રાન્ચોને મચ્છરદાની, છત્રી અને રેઈનકોટ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આગામી સેવાકીય આયોજન અંગે ચર્ચા કરાઈ હતી. આ કાર્યક્રમમાં ચેરમેન મનીષભાઈ શાહ અને સેક્રેટરી અનુપભાઈ દેસાઈ સહિતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કલેક્ટરે મેડિકલ સ્ટાફની ઉમદા કામગીરીની પ્રશંસા કરી હતી.

### થાણાસાવલીમાં 'મિશન શક્તિ' હેઠળ બાલિકા પંચાયતનો સંવાદ કાર્યક્રમ યોજાયો



**લુણાવાડા |** મહીસાગરના થાણાસાવલી ગામે 'મિશન શક્તિ' અંતર્ગત બાલિકા પંચાયતની કિશોરીઓ માટે નેતૃત્વ વિકાસ અને સરકારી યોજનાઓની જાણકારી આપતો વિશેષ સંવાદ યોજાયો હતો. કિશોરીઓને મહિલા કલ્યાણકારી યોજનાઓ, બાળ સુરક્ષા અને શિક્ષણ-આરોગ્ય વિશે માર્ગદર્શન આપી ગામના વિકાસમાં સક્રિય ભાગીદારી નોંધાવવા પ્રેરિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણ કરાયું અને આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત દ્વારા આરોગ્ય સેવાઓની પ્રત્યક્ષ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

### આણંદના નાવલી એનસીસી એકેડમી ખાતે ૩૮૦ કેડેટ્સ માટે ફાયર અવેરનેશ ટ્રેનિંગ યોજાઈ



**આણંદ |** ગુજરાત બટાલિયન એનસીસી ગોધરા દ્વારા નાવલી એકેડમીમાં કેડેટ્સ અને કર્મચારીઓ માટે આગ સામે સુરક્ષા અને સાવચેતી અંગેની તાલીમનું આયોજન કરાયું હતું. આણંદ ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ ફાયર ટીમે કેડેટ્સને અગ્નિશામક યંત્રોના ઉપયોગ અને આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ તાલીમમાં આગના સમયે સુરક્ષિત રીતે રેસક્યુ કરવાની રીતો અને બિલ્ડિંગમાં લાગેલી ફિક્સ ફાયર સિસ્ટમની કાર્યપ્રણાલી અંગે પણ સમજણ અપાઈ હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કિસાન ગોષ્ઠીનું આયોજન કરાયું



**આણંદ |** બાવળાના દેવ ધોલેરા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ અને આત્મા-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કિસાન ગોષ્ઠી યોજાઈ હતી. કેન્દ્રના વડા ડો. વિરેન્દ્રકુમાર પરમારે ૫૦થી વધુ ખેડૂતોને El Nio ની અસરો અને ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક ખેતીના વિવિધ પાસાઓ અને બદલાતા હવામાન અંગે માહિતગાર કરવાનો હતો. ગામના ખેડૂત ભાઈ-બહેનોએ આ ગોષ્ઠીમાં ઉત્સાહભેર ભાગ લઈ કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી મહત્વની જાણકારી મેળવી હતી.

**જાહેર નિવિદા**

મોજે- કણભા, તા-બોરસદ,જી-આણંદ ગામે સરકારશ્રીની ૧૫મું નાણાંપંચ, ૧૬મું નાણાંપંચ યોજના,૧૫% વિવેકાધીન, ATVT, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ,સંસદશ્રીની ગ્રાન્ટ, સ્વ-ભંડોળ તથા સરકારશ્રીની અન્ય તમામ ગ્રાન્ટ/યોજનાઓ હેઠળ વર્ષ-૨૦૨૪/૨૫ તથા ૨૦૨૫/૨૬ માટેના બાકી વિકાસ કામો તથા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮ દરમિયાન ગ્રામ પંચાયત કણભાએ કરવાના વિકાસ કામો માટે લેબરના ભાવો તથા વિકાસના તમામ કામો જેવા કે,પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બ્લોક પેવિગના કામો, સેનિટેશન/ગટર લાઇનના કામો,પંપીગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલસામાન ખરીદવા માટે માલસામન પૂરો પાડનાર/વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. સદરહુ ભાવપત્રકો નીચેના સરનામે તા-૦૩/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધી રજી.એ.ડી.થી મોકલવાના રહેશે. નિયત સમય બાદ મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

૧. કવરના મથાળે વિકાસ કામોના ભાવપત્રક તેમ લખવાનું રહેશે.
૨. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક વર્ષ-૨૦૨૪/૨૫ તથા ૨૦૨૫/૨૬ માટેના વિકાસ કામો તથા નાણાંકીય વર્ષ- ૨૦૨૬-૨૭ , ૨૦૨૭-૨૮ દરમિયાનના કરવાના કામો માટે માન્ય રહેશે.
૩. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
૪. એજન્સીના ભાવપત્રકો મંજૂર થયા બાદ ગ્રામ પંચાયત કણભાને સંતોષકારક કામગીરી નહી કરી આપવામાં આવે તો એજન્સી બદલવાનાં અબાધિત અધિકાર ગ્રામ પંચાયત કણભાને રહેશે.
૫. કોઈ પણ ભાવપત્રક મંજૂર કરવા કે નહી તેનો અધિકાર ગ્રામ પંચાયત કણભાને રહેશે..

**સરપંચશ્રી : કણભા ગ્રામ પંચાયત, તા.બોરસદ,જી. આણંદ**
સરનામું :- ગ્રામ પંચાયત કચેરી, કણભા, મું.કણભા, તા.બોરસદ,જી.આણંદ.